મહાધર્માધ્યક્ષ રોમેરોનો આ નિર્ણય બરાબર પ્રતિબિંબિત થતો હતો. ભલમનસાઈવાળા લોકોએ મહાધર્માધ્યક્ષ રોમેરોને ચેતવ્યા. સરકારના સૈનિક રાજ્યકર્તાઓએ એમને ખેડૂતોના હક્કોની વાતોથી અને ગરીબોને નીતિ-ન્યાય અપાવવાની ચળવળોથી દૂર રહેવાનું કહેવડાવ્યું. પરંતુ મહાધર્માધ્યક્ષ રોમેરો ઈસુના એક સાચા શિષ્યની જેમ ઈસુએ ચીંધેલા રસ્તે નીડરપણે ચાલતા રહ્યા.

સૈનિક સત્તાના જાસૂસો એમનો પીછો કરવા લાગ્યા. પણ અનીતિ અને અન્યાય સામે લડતા કોઈ પયગંબરની જેમ મહાધર્માધ્યક્ષ રોમેરો પોતાના નિર્ધારિત રસ્તેથી ચલિત થયા વિના પોતાના કામમાં મંડ્યા રહ્યા. સૈનિક સરકારની ગરીબ ખેડૂતો સામેનાં અન્યાય અને અનીતિને વખોડતા રહ્યા. પરિણામે ટૂંક સમયમાં એક રવિવારે મહાધર્માધ્યક્ષ રોમેરો દેવળમાં પરમપૂજા ચઢાવતા હતા ત્યારે સનનન કરતી છૂટેલી ગોળી એમનું હૈયું ચીરી ગઈ. તેઓ વેદી પર જ ઢળી પડ્યા. તેમણે ખરા અર્થમાં ઈસુના માર્ગે મોતને વર્યા. ઈસુની જેમ ગરીબો, દલિતો અને નિર્ધન ખેડૂતો વચ્ચે ઈશ્વરના રાજ્યની ઘોષણા કરતાં કરતાં મૃત્યુને વર્યા.

"એક ખ્રિસ્તી તરીકે હું મૃત્યુમાં નહિ પણ પુનરુત્થાનમાં શ્રદ્ધા રાખું છું. જો તેઓ મને મારી નાખશે તો હું ફરી એલ સાલ્વાડોરના લોકોમાં પુનરુત્થાન પામીશ." આ પયગંબરી વાણી ભાખનાર મહાધર્માધ્યક્ષ ઓસ્કાર રોમેરો માર્ચ ૨૪, ૧૯૮૦માં શહીદ થયા હતા. છેલ્લાં ૩૪ વર્ષ દરમિયાન એલ સાલ્વાડોરના લોકો એમની શહીદીની ઉજવણી કરતા આવ્યા છે અને એમને 'સંત રોમેરો' તરીકે ઓળખાવે છે. આ વાત બતાવે છે કે મહાધર્માધ્યક્ષ રોમેરોની અગમવાણી સાચી હતી. આ અગમવાણીને સમજવા માટે ગુડ ફ્રાઈડેનું રહસ્ય સમજવું જોઈએ.

ગુડ ફ્રાઈડેનું રહસ્ય એ છે કે માણસનું શારીરિક મૃત્યુ એ જીવનનો અંત નથી. શારીરિક મૃત્યુ એ પુનરુત્થાનના નવા જીવનમાં પ્રવેશવા માટેનો રસ્તો છે. ખ્રિસ્તી લોકો દૃઢપણે માને છે કે જીવન કદી નાશ પામતું નથી, પણ નવતર સ્વરૂપ ધારણ કરે છે.

એટલે ક્રૂસ પરના ઈસુના મૃત્યુને એના ત્રીજા દિવસે થયેલા ઈસુના પુનરુત્થાનની દૃષ્ટિએ જ સમજી શકાય છે. ગુડ ફ્રાઈડેના ઈસુના મૃત્યુ પછી પુનરુત્થાનનો રવિવાર ચોક્કસ આવે છે. ઈસુનું આ પુનરુત્થાન જ માણસના જીવનને અર્થપૂર્ણ બનાવે છે.

છેલ્લે, અંગ્રેજ કવિ જ્યોર્જ બાયરના શબ્દો યાદ કરીએ કે, "જે વ્યક્તિનું મોત મહાન ઉદ્દેશ્ય માટે થાય છે, તે કદી અસફળ નથી હોતું."


ભગવાન ઈસુને ઓળખો



એમનો સંદેશ જાણો

બાઈબલ અને ખ્રિસ્તી ધર્મનું હાર્દ સમજીને ધાર્મિક એખલાસ કેળવવા પત્રવ્યવહાર દ્વારા ચાલતા અમારા નિઃશુલ્ક અભ્યાસક્રમની "આવો, ઈસુને મળો" પુસ્તિકાઓ વાંચો. આજે જ લખો.

ડાયરેકટર, **સી.આઈ.એસ.એસ.**
અમીબેલા બિલ્ડીંગ, સન્માન રેસ્ટોરન્ટની બાજુમાં
ઈન્કમટેક્ષ અન્ડરબ્રિજ ઉપર
અમદાવાદ 380 014
ફોન નં. (079) 27542922
(મો.) 94295 16498

સમય: સવારે 9.00 થી સાંજે 5.00 સુધી
**નોંધ :** અગાઉ અમારા અભ્યાસક્રમમાં ભાગ લીધેલી વ્યક્તિ ફરી લખે નહિ.





**CATHOLIC INFORMATION SERVICE SOCIETY**
Regd. TRUST No.F/1041/Ahmedabad
Regd. SOCIETY No.Gujarat/1983/Ahmedabad

---

Ameebela Bldg., Nr Sanman Hotel, Opp. Old High Court, Ahmedabad 380 014
Tel. (079) 27542922 * Cell : 9429516498 * Fax: (079) 27540063
e-mail : ciss@sify.com * websites : www.biblegujarat.org & www.vpaulsj.org


# ગુડ ફ્રાઈડે & ઈસ્ટર - પાસ્ખા પર્વ 2014

સ્નેહી મિત્રો,

આપણે ભારતવાસીઓ ઉત્સવપ્રિય લોકો છીએ. આપણે વર્ષ દરમિયાન જાતજાતના અને ભાતભાતના તહેવારો ઊજવીએ છીએ. એમાં ધાર્મિક અને રાષ્ટ્રીય તહેવારો છે. પ્રાન્તીય અને સંસ્કૃતીય પર્વો છે. મોટા ભાગના તહેવારોમાં આપણે નાતજાતના કે ધર્મકોમના કોઈ ભેદભાવ કર્યા વિના સૌ હળીમળીને ઊજવીએ છીએ.

બધા ખ્રિસ્તી લોકો માટે કોઈ અપવાદ વિના દુનિયાભરમાં ઊજવાતો એક તહેવાર છે ઈસ્ટર કે પાસ્ખા. ખ્રિસ્તીઓ ઈસ્ટરને તહેવારોનો તહેવાર કે પર્વોનું પર્વ કહે છે. કારણ, ઈસ્ટર એટલે ઈસુના પુનરુત્થાન પરની શ્રદ્ધા જ ખ્રિસ્તી ધર્મનો પાયો છે, હાર્દ છે. પરંતુ ઈતરધર્મોના લોકો ઈસ્ટર વિશે ખાસ જાણતા નથી પણ ઈસુ ભગવાનના ક્રૂસ પરના મૃત્યુ વિશે જાણે છે અને એને જ વધારે મહત્ત્વ આપે છે. આ વાતને ધ્યાનમાં લઈને હું આપને ગુડ ફ્રાઈડે અને ઈસ્ટર વિશેનાં નિબંધો મોકલું છું. દિવાળી અને નાતાલના વખતે મેં મોકલેલાં મારાં લખાણોની જેમ આ બે લેખો પણ આપને ગમશે એવી આશા. ખ્રિસ્તી લોકો ગુડ ફ્રાઈડેને શુભ શુક્રવાર કહે છે પણ 'હેપી ગુડ ફ્રાઈડે' કહેતા નથી. પરંતુ પાસ્ખાના રવિવારને દિવસે 'હેપી ઈસ્ટર' તો ચોક્કસ કહે છે. **હેપી ઈસ્ટર.**

સપ્રેમ.

ફાધર વર્ગીસ પૉલ, એસ.જે., ડાયરેક્ટર



# ગુડ ફ્રાઈડે એટલે ઈસુના મૃત્યુનો દિવસ

કોઈ ફિલસૂફે કહ્યું છે કે માણસમાત્ર મૃત્યુના શિકાર માટે છે. મતલબ કે માણસ જન્મે છે તો એનું મૃત્યુ નિશ્ચિત છે. એક માનવબાળ જન્મે છે ત્યારે આપણે એના વિશે અનેક કલ્પનાઓ કરીએ. અટકળો બાંધીએ. સ્વપ્નો સેવીએ. પરંતુ એના વિશે એક જ બાબત સો ટકા ખાતરીથી કહી શકીએ કે એ બાળક એક દિવસ મૃત્યુ પામશે. કારણ, માણસ માત્ર મૃત્યુને પાત્ર છે.

સામાન્ય રીતે માણસને મૃત્યુની વાત ગમતી નથી. દિલ્હી ખાતે ૧૯૮૪માં હજારો શીખો કત્લેઆમનો ભોગ બન્યા. ગોધરા અને અનુ-ગોધરાની વંશહત્યામાં હજારોનું મૃત્યુ થયું. મુંબઈમાં આતંકી હુમલા દરમિયાન ઘણાનું મૃત્યુ થયું. આ બધી અમાનુષિક ઘટનાઓમાં ઘણા નિર્દોષ માણસો

મરી ગયા! આવી કોમવાદી નરહત્યાઓમાં કોઈ માણસ પોતાની જાતને મૃત્યુના એક શિકાર તરીકે કલ્પના કરવાનું પણ પસંદ નહિ કરે.

કોઈ માણસ પોતાનું મૃત્યુ અણધાર્યા અકસ્માતમાં થાય કે કોઈ ઘાતકી ગુના માટે ફાંસીનું નામોશીભર્યું મૃત્યુ મળે, એવું ઇચ્છતો નથી. રોમન બાદશાહ જ્યૂલિયસ સીસરના (ઈસવીસન પૂર્વે ૧૦૦-૪૪) વખતમાં ક્રૂસ પરનું મૃત્યુ સૌથી વધારે પીડાજનક અને દુઃખદાયક નામોશીભર્યું મૃત્યુ ગણાતું હતું. ક્રૂસ પરનું મૃત્યુ ફક્ત રીઢા ગુનેગારો અને ગુલામો માટે અનામત ગણાતું નામોશીભર્યું મૃત્યુ હતું. એટલે જ સીસરે કહ્યું છે કે, ''ક્રૂસ શબ્દ જ કેવળ રોમન નાગરિકોના સંઘમાંથી જ નહિ પણ એમના વિચારમાંથી, સાંભળવામાંથી અને જોવામાંથી પણ દૂર રાખવામાં આવે છે.''

મને લાગે છે કે મૃત્યુથી અને મૃત્યુની વાતથી ડરતા હોય, કોઈ નામોશીભર્યા મૃત્યુની વાતથી દૂર ભાગતા હોય તેવા માણસોએ આ લેખ આગળ વાંચવો ન જોઈએ. કારણ, હું અહીં માણસમાત્રને ડરાવતા એક નામોશીભર્યા મૃત્યુની વાત કરવાનો છું. આશરે બે હજાર વર્ષ પહેલાં ક્રૂસ પર નામોશીભર્યા મૃત્યુને ભેટનાર ઈસુ ભગવાનની વાત અહીં ગુડ ફ્રાઈડેના દિવસે પ્રસ્તુત છે. ''એને ક્રૂસે ચડાવો! એને ક્રૂસે ચડાવો! એને ક્રૂસે ચડાવો!'' (માર્ક ૧૫, ૧૪) માનવટોળાના એવા પોકારથી અને માણસને ડરાવનાર લોકજુવાળથી રોમન સૂબા પોન્તિયુસ પિલાતે ગુડ ફ્રાઈડેના દિવસે ''ઈસુને કોરડા મરાવી ક્રૂસે જડવા માટે સોંપી દીધા'' (માર્ક ૧૫, ૧૫). અને બે રીઢા ગુનેગારો વચ્ચે એમને ક્રૂસે ચડાવી મારી નાખવામાં આવ્યા.

ઈસુના આ નામોશીભર્યા મૃત્યુને - ખરેખર તો ઉદ્ધારદાયક મૃત્યુને - સમજવા માટે એમના જીવન વિશે જાણવાની ખાસ જરૂર છે. ઈસુનું સમગ્ર જીવન તથા તેમનું શિક્ષણ પુરવાર કરે છે કે, તે બધું જ જાણે મૃત્યુના શિકાર માટેની તૈયારીઓ જ હતી. ઈસુ પોતાના જીવન અને સંદેશ દ્વારા ઈશ્વરના રાજ્યની ઘોષણા કરતા હતા. આખા યહૂદિયા અને ગાલીલ પ્રાન્તમાં એક રખડુ સંન્યાસીની જેમ ઈસુ ફરતા હતા. ઈશ્વરના રાજ્યની વાતો કરતા હતા. એટલું જ નહીં પણ પોતાની વાતનો જાણે પુરાવારૂપે ઈસુ નીડરપણે ઈશ્વરના રાજ્યનાં કામો કરતા હતા. તેમણે માંદાઓને સાજાં કર્યાં, લંગડાને ચાલતા કર્યાં, કોઢિયાને ચાલતા કર્યાં. દીનજનોને શુભસંદેશ સંભળાવ્યો...

ટોળામાં વિદેશી રોમન સત્તાની સેવામાં રહેનાર જકાતદારો હતા જેમને યહૂદી આગેવાનો પોતાના દુશ્મન અને પાપી ગણતા હતા. એવા એક જકાતદાર માથ્થીને ઈસુએ પોતાના બાર શિષ્યોમાં એક તરીકે પસંદ કર્યો! એવા એક બીજા જકાતદાર જાખ્ખી સાથે દોસ્તી બાંધીને ઈસુ એમને ઘેર જમ્યા છે. ''માણસ પોતાનાં કે એનાં માબાપને પાપે આંધળો જન્મ્યો છે'' એવું માનનાર યહૂદી પ્રજા વચ્ચે ઈસુએ એક આંધળા માણસને દૃષ્ટિદાન આપ્યું (યોહાન ૯, ૧-૪૧). ઈસુએ પોતાના મિત્ર લાઝરસને એના મૃત્યુના ત્રણ દિવસ પછી ફરી જીવતો કર્યો (યોહાન ૧૧, ૧-૪૪). યહૂદી કાયદાકાનૂન મુજબ મૃત્યુને પાત્ર ગુનો - પ્રત્યક્ષ વ્યભિચાર કરતાં પકડાયેલી સ્ત્રીને ઈસુએ માફી આપી





(યોહાન ૮, ૧-૧૧).



આવાં બધાં યહૂદી ધર્મ અને કાયદાકાનૂન વિરોધી કામો વચ્ચે ઈસુ સંદેશ પણ આપતા હતા કે, ''દુશ્મનો પર પ્રેમ રાખો'' (માથ્થી ૫, ૪૪). ''તમારો દ્વેષ કરે તેમનું ભલું કરજો, તમને શાપ આપે તેમને દુવા દેજો, તમારી નિંદા કરે તેમને માટે પ્રાર્થના કરજો'' (લૂક ૬, ૨૭-૨૮). વળી ધાર્મિક આગેવાનો ઈસુની વાતો સાંખી શકતા નહોતા. કારણ ઈસુ લોકોને ઉપદેશ આપતા હતા કે ''એ લોકો કહે તે પ્રમાણે તમે કરજો અને ચાલજો; પણ એ લોકો કરે તે પ્રમાણે કરશો નહિ, કારણ, એ લોકો કહે છે કંઈ અને કરે છે કંઈ'' (માથ્થી ૨૩, ૨-૩). ઈસુના સમયના લોકોની માન્યતાઓને ઊથલપાથલ કરનારી વાતો અને ધાર્મિક આગેવાનોને પડકારનાર ઈસુની આચાર-પ્રવૃત્તિઓએ જ ઈસુને ક્રૂસ પર ચઢાવ્યા છે.

ગુડ ફ્રાઈડેની આ વાત કેવળ બે હજાર વર્ષ ઉપર બનેલી એક ઘટના નથી. પરંતુ આજે પણ ઈસુએ ચીંધેલા પગલે ચાલનાર લોકોને ક્રૂસે ચઢાવીને નહિ તો ક્રૂર રીતે મારી નાખવામાં આવતા હોય છે. ધર્મ અને નીતિન્યાયને રસ્તે ચાલતા લોકોની સતામણી આના બોલતા દાખલાઓ છે. ધર્મ અને વિકાસને નામે દલિતો, ગરીબો, આદિવાસીઓને તેમનાં માનવગરિમા અને માનવહક્કોથી વંચિત રાખનાર લોકો છે. નિઃસહાય અને નિરાધાર હોય એવા લોકોની સતામણી કરનાર આવા મૂડીવાદીઓ ઈસુને જ ક્રૂસે ચઢાવે છે. કારણ, ઈસુએ કહ્યું છે કે, ''આ મારા ભાઈઓમાંના અદનામાં અદના માટે જે કંઈ કર્યું હોય તે મારે માટે જ કર્યું છે.'' (માથ્થી ૨૫, ૪૦)

અહીં આપણા સમયનો એક ચોક્કસ દાખલો આપવા ઇચ્છું છું. એલ સાલ્વાડોરના મહાધર્માધ્યક્ષ ઓસ્કાર રોમેરોની વાત જ કરું. એમને મહાધર્માધ્યક્ષ તરીકે નીમવામાં આવ્યા ત્યારે બીજાઓની જેમ એલ સાલ્વાડોરના મૂડીવાદી લોકો અને મિલિટરી શાસકો પણ એમને એક પરંપરાવાદી રૂઢિચુસ્ત ધર્મગુરુ માનતા હતા. પરંતુ મહાધર્માધ્યક્ષનો હોદ્દો સંભાળી લીધાના થોડા જ સમયમાં એક ગોઝારી ઘટના બની. રોમેરોના યુવાન મિત્ર એક ઈસુસંઘી ધર્મગુરુ રોતિલિયો ગ્રાન્તેને એક વડીલ માણસ અને પંદરેક વર્ષના કિશોર સાથે મારી નાખવામાં આવ્યા. એકસમાન ત્રણ દફનપેટીઓમાં સુવડાવેલા મૃતદેહ સાથે આખી રાત પ્રાર્થના કરવા માટે આસપાસનાં ગામડાંઓથી ખેડૂતો અને ગરીબ લોકો ખૂબ મોટી સંખ્યામાં ઈસુસંઘી ઘરમાં ભેગા મળ્યા.

એ બધા દુઃખી લોકો સાથે મહાધર્માધ્યક્ષ રોમેરો પણ હતા. તેમણે પોતાની જાતને કહ્યું : ''અહીં મારા મિત્ર રોતિલિયો મૃત્યુને પોઢીને પડ્યા છે. કારણ, તેઓએ ગરીબ લોકો અને નિર્ધન ખેડૂતો માટે કામ કર્યું હતું. એમની પડખે રહીને એમને માટે ખૂબ કામ કર્યું છે. એમને રંજાડનાર સૌને વખોડી કાઢ્યા છે. તો મારે પણ એ જ રસ્તે ચાલવાનું છે.'' તે દિવસથી મહાધર્માધ્યક્ષ રોમેરોએ પોતાના આચારવિચારમાં રોતિલિયોની જેમ ગરીબોને પ્રથમ પસંદગી આપવા માંડી. એમનાં ધાર્મિક બોધ અને ખ્રિસ્તી ધર્મસભાની આગેવાનીને લગતાં કાર્યોમાં

મારી મહેનતનું મને સો ગણું નહિ પણ સહસ્રગણું ફળ મળી ગયું! આભાર!"

નરેન્દ્રભાઈ સાથે લાંબી વાત થઈ. નરેન્દ્રભાઈની વાતમાં "આપની (મારી) ઘરવાળી" ઉલ્લેખ થયો. મેં નરેન્દ્રભાઈને કહ્યું કે હું બ્રહ્મચારી છું. મારા રહેઠાણના રસોડામાં કામ કરતી લલિતાબહેન જોડે તેઓ વાત કરી હશે. નરેન્દ્રભાઈ ગયા પછી મને ખ્યાલ આવ્યો કે તેમણે મારા કાર્યાલયમાં સેવા બજાવતી સન્યાસિનીબહેન સિસ્ટર કલાવતી જોડે ફોન પર વાત કરી હતી. નરેન્દ્રભાઈ ગીર પાસે તાલાલા ખાતે ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ છે. તેમણે પોતાની ઓળખ એક નીડર બ્રાહ્મણ તરીકે આપી. મોં જોઈને ચાલ્લો ન કરનાર સ્પષ્ટ બોલા માણસ તરીકે તેમણે મને કહ્યું કે તેમણે નરેન્દ્ર મોદી સામે પણ ભારતીય જનતા પાર્ટીને પત્ર લખ્યો છે.




ગ્રાહક સુરક્ષા મંડળ - તાલાલા (ગીર)ના 'લેટરહેડ' પર લખેલા પત્રની એક નકલ મને આપતાં નરેન્દ્રભાઈએ કહ્યું કે, "જુઓ ફાધર વર્ગીસ, મેં નરેન્દ્ર મોદીને 'ખબરદાર' કહીને ચેતવણી આપી છે." નરેન્દ્રભાઈ પુરોહિતના લાંબા પત્રમાંથી બે ફકરા અહીં ઉતારું છું:

"ગુજરાત રાજ્યમાં નરેન્દ્ર મોદીની જ્યારથી સરકાર બની છે ત્યારથી મોટા પ્રમાણમાં સરકારી ઓફિસોમાં ભ્રષ્ટાચાર થાય જ છે. સાથોસાથ ભારતીય રાષ્ટ્રીયતાના સાચા ઉપાસકોને હડધૂત અને અવહેલના કરવામાં આવી છે. કોઈ પણ વ્યક્તિ નરેન્દ્ર મોદીને ન ગમે તેવી ક્યારેય ચર્ચા કરે અથવા નમો નમો ન કરે તો તેને પાર્ટીના હાંસિયામાં એક તરફ ધકેલી દેવામાં આવેલા છે.

"ભારત દેશમાં ભાજપ પાર્ટીની ઉન્નતિના સહભાગી મોટા પ્રમાણમાં બ્રાહ્મણો જ છે. બ્રાહ્મણો ક્યારેય સત્તા લાલચુ કે જ્ઞાતિવાદ કર્યો જ નથી. છતાં નરેન્દ્ર મોદીએ ભારતીય સંસ્કૃતિના અંગરૂપી બ્રાહ્મણોનો દ્રોહ જ કર્યો છે. બ્રાહ્મણ સમાજ નરેન્દ્ર મોદીની આવી બેવફૂકીભર્યા વર્તનથી વાકેફ હોવા છતાં બ્રાહ્મણોએ એ ઉદાર હાથે નરેન્દ્ર મોદીને આશીર્વાદ જ આપ્યા કર્યા છે.... હવે હદ થઈ ગઈ છે.... નરેન્દ્ર મોદી તેની હલકાઈ બંધ કરે.... નહીંતર ગુજરાત રાજ્યના બ્રાહ્મણોએ (કાશીના બ્રાહ્મણોને સાચી હકીકત બતાવવાની) નરેન્દ્ર મોદીની સામે આવવાની ફરજ પડશે."

લોકસભાની ૨૦૧૪ની ચૂંટણી પહેલાં લખેલા આ પત્રમાં નરેન્દ્રકુમાર બી. પુરોહિતે "બ્રાહ્મણોનો દ્રોહ એટલે ભારતીય સંસ્કૃતિનો દ્રોહ" કહીને નરેન્દ્ર મોદી પર આક્ષેપ પણ મૂક્યો છે કે તેઓ "ભારતીય સંસ્કૃતિ અને રાષ્ટ્રીયતાને માન આપતા નથી."

નરેન્દ્રકુમાર પુરોહિતે પોતાના પત્રમાં કરેલી ઘણી બાબતોમાં અહીં હું ફક્ત ભ્રષ્ટાચારની વાત લઉં છું. આપણે જાણીએ છીએ કે ભ્રષ્ટાચાર કેવળ ગુજરાતનો પ્રશ્ન નથી પણ આખા ભારતનો પ્રશ્ન છે, સમગ્ર દુનિયાનો પ્રશ્ન છે. પરંતુ દેશવિદેશોમાં ફરવાને કારણે હું કહી શકું છું કે ભ્રષ્ટાચાર ગુજરાતમાં જેમ છડેચોક અને વ્યાપકપણે વકર્યો છે તેમ બીજે ક્યાંય ભ્રષ્ટાચાર થતો નથી.

પ્રથમ સદીમાં રોમના એક વ્યંગાત્મક સાહિત્યકાર જૂવેનાલનો પ્રશ્ન આપણી સામે આવે છે. "ક્યૂઈસ કુસ્તોડિયેત ઈપસોસ કુસ્તોડેસ?" ("Who will guard the guardians themselves?") સાદી ગુજરાતીમાં પ્રશ્ન છે કે, ચોકીદારોની કોણ ચોકીદારી કરશે?



**CATHOLIC INFORMATION SERVICE SOCIETY**
Regd. TRUST No.F/1041/Ahmedabad
Regd. SOCIETY No.Gujarat/1983/Ahmedabad
--------------------------------------------------------------------------------
Ameebela Bldg., Nr Sanman Hotel, Opp. Old High Court, Ahmedabad 380 014
Tel. (079) 27542922 * Cell : 9429516498 * Fax: (079) 27540063
e-mail : ciss@satyam.net.in * websites : www.biblegujarat.org & www.vpaulsj.org

# ઈસ્ટર - પાસ્ખાનું હાર્દ

**ફાધર વર્ગીસ પૉલ, એસ.જે.**

કિલયોપાસ અને એમના મિત્ર યરુશાલેમથી અગિયારેક કિલોમીટર દૂર આવેલું એમ્માઉસ ગામ જતા હતા. એક રવિવાર સાંજનો સમય હતો. છેલ્લા ત્રણેક દિવસ યરુશાલેમમાં બનેલી ઘટનાઓએ તેમના જીવનને છિન્નભિન્ન કરી નાખ્યું હતું. બંને મિત્રો ચાલતાં ચાલતાં જીવનને હચમચાવી નાખનાર છેલ્લા ત્રણ દિવસના બનાવો અંગે ચર્ચાવિચારણા કરતા હતા. કોઈ લક્ષ્ય વિનાના દિશાહીન માણસોની જેમ બંને મિત્રોના ચહેરા ઉદાસ થઈ ગયા હતા. એવામાં એક અજાણ્યા પ્રવાસીએ એમની સાથે ચાલવા માંડ્યું અને તેમને પૂછ્યું, "તમે ચાલતાં ચાલતાં શાની વાત કરો છો?"



અજાણ્યા પ્રવાસીના અણધાર્યા પ્રશ્નથી પોતાની ચર્ચામાં મશગૂલ રહેનાર બંને મિત્રો ઊભા રહ્યા. બંને મિત્રોને અજાણ્યા પ્રવાસીનો પ્રશ્ન વિચિત્ર લાગ્યો. એટલે એમાંનો એક - કિલયોપાસે પ્રશ્નનો સીધો જવાબ આપવાને બદલે સામે પ્રશ્ન કર્યો.

"યરુશાલેમમાં તમે જ એક એવા રહેવાસી છો, જેને આજકાલ ત્યાં શું શું બની ગયું એની ખબર નથી?"

પ્રવાસીએ પૂછ્યું, "શું બની ગયું?"

બંને મિત્રોએ અજાણ્યા પણ મિત્ર લાગતા સહપ્રવાસીને નાસરેથના ઈસુની વાત કરી. "તે ઈશ્વરની અને સૌ લોકોની નજરમાં વચનથી અને કર્મથી પ્રબળ પયગંબર હતા. પણ અમારા ધાર્મિક વડાઓ અને રાજકર્તાઓએ તેમને પકડાવી દીધા અને મોતની સજા કરાવી ક્રૂસે ચડાવી દીધા. અમે માનતા હતા કે તેમના હાથે ઈસ્રાયલની પ્રજાને મુક્તિ થવાની છે. પરંતુ આજે એમના દફનના ત્રીજા દિવસે કેટલીક સ્ત્રીઓ કબરે ગઈ હતી. પણ ત્યાં તેઓ શબને બદલે ખાલી કબર જોઈ અને વાત લાવી છે કે 'ઈસુ જીવતા છે!' એવો સંદેશ દેવદૂતોએ તેમને આપ્યો! અમારામાંના કેટલાક કબરે ગયા તો ખાલી કબર જોઈ, પણ તેમને કોઈ દેવદૂતોનાં કે ઈસુનાં દર્શન ન થયાં!"

બંને મિત્રોની વાત ખૂબ ધ્યાનથી સાંભળનાર સહપ્રવાસીએ બંનેને કહ્યું, "ઓ મૂરખાઓ, પયગંબરોએ કરેલી વાત સમજવામાં તમારી અક્કલ કેમ બહેર મારી થઈ છે? ખ્રિસ્ત પોતાનો મહિમા પ્રાપ્ત કરે તે પહેલાં તેઓ આ બધું ભોગવવું આવશ્યક નહોતું?"

પછી અજાણ્યા પ્રવાસીએ બંને મિત્રોના પ્રતિભાવનો રાહ જોયા વિના તેમને પયગંબરોએ

શાસ્ત્રમાં (બાઈબલના જૂના કરારમાં) ઈસુ ખ્રિસ્ત વિશે કરેલી બધી વાતો સમજાવી. તેમણે બંને મિત્રોને પયગંબર યશાયાની વાતને ખાસ યાદ દેવડાવીઃ "તેને પકડવામાં આવ્યો, ને તેને ન્યાય તોળીને તેને લઈ ગયા.... તેને રિબાવવામાં આવ્યો, પણ તેણે બધું શાંતિથી વેઠી દીધું.... મારા લોકોના ગુના માટે તેને મારી નાખવામાં આવ્યો. તેને દુષ્ટો સાથે કબરભેગો કરવામાં આવ્યો, જોકે તેણે કોઈ ગુનો કર્યો નહોતો કે અસત્ય ઉચ્ચાર્યું નહોતું.... આમ મારો નિર્દોષ સેવક પોતાનાં દુઃખથી અસંખ્ય લોકોને દોષમુક્ત કરશે... તેણે અસંખ્ય લોકોનાં પાપો પોતાના શીરે લઈ લીધાં હતાં, અને ગુનેગારોને માટે તેણે અરજ ગુજારી હતી" (જુઓ યશાયા ૫૩).



અજાણ્યા પ્રવાસી આવી બધી વાતો કરતા હતા અને પેલા બે મિત્રો એમને એક ધ્યાનથી સાંભળતા હતા. એટલામાં સમીસાંજે તેઓ જે ગામમાં જતા હતા તે એમ્માઉસ ગામ આવી પહોંચ્યું. ત્યાંથી આગળ જતા અજાણ્યા પ્રવાસીને બંને મિત્રોએ આગ્રહ કરીને પોતાની સાથે અંદર લઈ ગયા. થોડી વારમાં ત્રણેય જણ જમવા બેઠા. ત્યાં અજાણ્યા પ્રવાસીએ "રોટલી લઈને ઈશ્વરની સ્તુતિ કરી અને રોટલીના ટુકડા કરીને તેમને આપ્યા. ત્યારે બંને મિત્રોની આંખ ઊઘડી અને તેમણે અજાણ્યા પ્રવાસીરૂપે પોતાની સાથે આવેલા ઈસુને ઓળખ્યા. પણ ત્યાં ઈસુ અંતર્ધાન થઈ ગયા!"

પુનરુત્થાન પામેલા ઈસુના અંતર્ધાનથી નિરાશ થવાને બદલે બંને મિત્રો આનંદપુલકિત થયા અને એકબીજાને કહેવા લાગ્યા, "રસ્તામાં એમની વાતથી આપણાં અંતર ઝળાંઝળાં નહોતાં થઈ જતાં? તે જ ઘડીએ ઊઠીને તેઓ યરુશાલેમ પાછા આવ્યા" અને તેમણે અગિયાર શિષ્યોને અને બીજાને પોતે ઈસુને મળ્યાની વાત કરી. સામે શિષ્યોએ પણ બંને મિત્રોને કહ્યું, "પ્રભુ પાછા સજીવન થયા એ વાત સાચી છે. તેમણે સિમોન પીતરને દર્શન દીધાં છે."

યરુશાલેમથી એમ્માઉસ ગામ જતા બંને મિત્રો અને પુનરુત્થાન પામેલા ઈસુની આખી વાત સંત લૂકકૃત શુભસંદેશના ૨૪માં પ્રકરણમાં છે.

બે હજાર વર્ષ પહેલાંની આ વાત એટલે ઈસુના પુનરુત્થાનની વાત તેમના શિષ્યો તે દિવસથી આજ સુધી સતત ઘોષણા કરતા આવ્યા છે. કારણ, એ ઘોષણામાં પાસ્ખા પર્વ કે ઈસ્ટરનું હાર્દ સમાયેલું છે. ઈસ્ટર કે પાસ્ખાની કેવળ મૃત્યુમાંથી સજીવન થયેલા ઈસુના મહિમાની વાત નથી. પણ વાત છે કે ઈસુએ પોતાના પુનરુત્થાન દ્વારા માણસને મૃત્યુ ઉપર વિજય અપાવ્યો છે. માણસને પાપ પર જીત અપાવી છે. હતાશા પર ફતેહ અપાવી છે. ઈસુએ કહ્યું હતું કે, "હું એટલા માટે આવ્યો છું કે, એમને જીવન મળે અને ભરપટ્ટે મળે" (યોહાન ૧૦, ૧૦).

પોતાના પુનરુત્થાન દ્વારા માણસને બક્ષેલા નવા જીવનમાં ઈસુ માણસને દિલની શાંતિ આપે છે અને અંતરનો આનંદ આપે છે. પુનરુત્થાન પામેલા ઈસુ પોતાના શિષ્યોને ને દરેક માણસને પણ કહે છે, "તમને શાંતિ હો." ઈસુનું વચન છે કે, "હું તમારે સારું શાંતિ મૂકતો જાઉં છું, મારી પોતાની શાંતિ તમને આપતો જાઉં છું" (યોહાન ૧૦, ૨૭). ઈસુના પુનરુત્થાન દ્વારા મળતી એમની શાંતિ તથા તેમનો આનંદ માણસને પ્રેમ અને સેવાને માર્ગે પ્રાપ્ત કરવાનાં છે. ઈસુ પોતાના જીવન, મૃત્યુ અને પુનરુત્થાન દ્વારા માણસને માટે પ્રેમ અને સેવાનો



માર્ગ ચીંધે છે.

ઈસુએ દર્શાવેલાં પ્રેમ અને સેવાનાં માર્ગમાં ઈસુના જીવનમાં બન્યું તેમ માણસના જીવનમ પણ પુષ્કળ દુઃખ અને વેદના હોઈ શકે છે. પણ આ દુઃખો અને વેદના વચ્ચે દિલની શાંતિ અને અંતરનો આનંદ હોય છે. ઈસુના પુનરુત્થાને બક્ષેલા દિલની શાંતિ અને અંતરનો આનંદ ઈસુ પર શ્રદ્ધા રાખનાર માણસ પાસેથી કોઈ છીનવી ન શકે. માણસના અંતરમાં આ શાંતિ અને આનંદ એને ગમે તે પ્રશ્નો અને યાતનાઓનો સામનો કરવા સક્ષમ બનાવે છે. એટલે જ ઘણા લોકો ઈસુને અનુસરવામાં બીજી બધી બાબતોને તૃણ સમાન ગણે છે.

સંત પાઉલના શબ્દો અહીં પ્રસ્તુત છેઃ "હું તો મારા પ્રભુ ખ્રિસ્ત ઈસુને ઓળખવાના મોટા લાભ આગળ સર્વ કાંઈને ખોટરૂપે જ દેખું છું. તેમને ખાતર મેં સર્વ કાંઈ જતું કર્યું છે અને એ બધાને હું તો કચરો જ લેખું છું" (ફિલિપ્પી ૩, ૮). નવો કરારમાંના પોતાના પત્રોમાં સંત પાઉલે શુભસંદેશના પ્રચાર ખાતર પોતે વેઠેલાં દુઃખોની વાત કરી છે. તેમણે કારાવાસ વેઠ્યો છે, બેહદ ફટકા ખાધા છે... ત્રણ ત્રણ વાર દંડાનો માર ખાધો છે, એક વાર પથ્થરમારો પણ વેઠ્યો છે. આવી બધી યાતનાઓ, દુઃખો તેમ જ તેમણે કરેલા હાડતૂટ મહેનત અને વૈતરાંની વાત કર્યા પછી પાઉલ પોતાની વાતને સમેટી લેતા કહે છે કે, "હું તો ખ્રિસ્તને ખાતર નિર્બળતાઓ, અપમાનો, કાંટો, સતામણીઓ અને આફતોથી જ સંતોષ માનીશ. કારણ, નિર્બળ હોઉં ત્યારે જ હું સબળ હોઉં છું" (૨ કરિંથ ૧૨, ૧૦).

ઈસુને નામે અવર્ણનીય યાતના વેઠીને જીવન હોમી દીધેલા દરેક શહીદની આ વાત છે. ઈસુનાં પુનરુત્થાનનો આ મહિમા છે, શક્તિ છે. હેપી ઈસ્ટર!

## કોણ ચોકીદારની ચોકી કરશે ?

મેં મારી એક જૂની વાર્તા ફરી એક વાર વાંચી. કારણ, આજે મારી એ વાર્તાને હું કરું છું એના કરતાં વધારે કદર કરનાર એક વાચક મિત્ર મળ્યા. જૂનાગઢ જિલ્લાના તાલાલા ગામથી નરેન્દ્રકુમાર બી. પુરોહિત મને મળવા આવ્યા! 'અખંડ આનંદ'ના ઑક્ટોબર-નવેમ્બર ૨૦૧૩ના અંકમાં મારી વાર્તા 'લોહીનાં આંસુ' પ્રકાશિત થઈ હતી. એ વાર્તા વાંચીને વાર્તાને અંતે આપેલા મારા સરનામાની કાપલી સાથે નરેન્દ્રભાઈ મને શોધતાં શોધતાં મારા કાર્યાલયમાં આવી પહોંચ્યા.

"આપ જ ફાધર વર્ગીસ પૉલ છો ને? થોડા દિવસ પહેલાં મેં ફોન કર્યો હતો. પણ આપની 'ઘરવાળી'એ મને કહ્યું કે આપ બહારગામ ગયા છો અને આપ માર્ચની ૨૬મી તારીખ પછી મળશે." (પોન્ડિચેરી સેન્ટ્રલ યુનિવર્સિટીએ યોજેલ 'ઈંગ્લિશ લિટરરી ફેસ્ટિવલ' - અંગ્રેજી સાહિત્યિક મહોત્સવના નેશનલ સેમિનારમાં એક શોધનિબંધ રજૂ કરવા માટે હું પોન્ડિચેરી ગયો હતો).

"ફાધર વર્ગીસ, આપની વાર્તા 'લોહીનાં આંસુ'ના કરુણ પ્રસંગમાં પણ પ્રગટ થતાં આપનાં કરુણા અને પ્રેમથી પ્રભાવિત થઈને ફક્ત આપને મળવા માટે જ હું અમદાવાદ આવ્યો છું. ફાધર, આ રહ્યું મારું 'વિઝીટીંગ કાર્ડ'" નરેન્દ્રભાઈએ કહ્યું અને મને એમનું નામ-સરનામાવાળું કાર્ડ આપ્યું.

હું માની શકતો નહોતો કે કેવળ એક વાર્તા વાંચીને એના લેખકને મળવા માટે જૂનાગઢ જિલ્લાના તાલાલાથી અમદાવાદ સુધીની લાંબી મજલ કાપીને કોઈ વાચક એના લેખકને મળવા આવે! પરંતુ મારી સામે જ એ મહાનુભાવ પુરાવારૂપે બેઠા હતા. એટલે મેં કહ્યું.

"નરેન્દ્રભાઈ, આપે મારા આજના દિવસને ધન્ય કર્યો છે! આપની મુલાકાતથી આપે મને ધન્ય કર્યો છે! મને લાગે છે કે એક ટૂંકી વાર્તા લખવાની